અપીલ અરજી નં.૧૪૧ તા.૧૧–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મણીબેન લાલાભાઈ પટેલ

સામાવાળાઃ–ઝોનલચીફ અને જાહેર માહિતીઅધિકારી (વરાછાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મણીબેન લાલાભાઈ પટેલ આઈ ડી.નં.૧૩૫ તા.૮–૭–૦૯ ની અરજીથી નોંધ નં.૪૯૩૬–૩૭–૩૮ પૈકી એસ.એન. નં.૭–૭૯૨ ટેના નં.૨૨બી– ૯૧ – ૦૪૬૫–૦–૦૦૧ ટેનામેન્ટવાળી મિલ્કતનો ઈમલાના વેરાબીલની બાકી અને બીલ કયારથી બાકી છે તેમજ હાલ કોના નામે આ મિલ્કત ચઢાવી છે અને તે અંગેના સંમતિના જરૂરી પુરાવા નામ સરનામાં સહિતની વિગતની પૂરી માહિતી અને જો ઈમલો ડીમોલેશન થયેલ હોય તો તેના બદલામાં ફાળવેલ મકાન જમીનની વિગતો કયારે કોના નામે અને કયા વિસ્તારમાં ફાળવવામાં આવેલ છે તેની પૂરી વિગત રૂમ નંબર બ્લોક નંબર વિસ્તારના સરનામાં સહિતની વિગતો જે અંગે કોઈ સંમતિ મેળવેલ હોય તો સંમતિના પુરાવાની નકલ, જમીન જેને ફાળવવામાં આવેલ હોય તેના બિલ્ડરની પૂરી વિગત જેમાં કેટલા પ્લાન અને કયા હેતુ માટે પ્લાન છે તેમજ તમામ જગ્યા સહિતની માહિતી આપવી સાથે ટ્રસ્ટીના પાવરની ઝેરોક્ષ નકલ ની માહિતી આપવા બાબત, આઈ ડી નં.૧૨૯ તા.૬–૭–૦૯ ની અરજીથી ટેના નં.૨૨બી–૯૧–૦૪૬૫–૦–૦૦૧થી નોંધાયેલા ઝુંપડાના વેરાબીલ બંધ કરાવવા અંગેનું કારણ જણાવશો આ જમીનમાં નવા વેરા દાખલ કરેલ તેના માલિકીના પુરાવાની નકલ આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૧–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૪૧/૦૯–૧૦

શ્રી મણીબેન લાલાભાઈ પટેલ આઈ ડી.નં.૧૩૫ તા.૮–૭–૦૯ ની અરજીથી નોંધ નં.૪૯૩૬–૩૭–૩૮ પૈકી એસ.એન. નં.૭–૭૯૨ ટેના નં.૨૨બી–૯૧–૦૪૬૫–૦–૦૦૧ ટેનામેન્ટવાળી મિલ્કતનો ઈમલાના વેરાબીલની બાકી અને બીલ કયારથી બાકી છે તેમજ હાલ કોના નામે આ મિલ્કત ચઢાવી છે અને તે અંગેના સંમતિના જરૂરી પુરાવા નામ સરનામાં સહિતની વિગતની પૂરી માહિતી અને જો ઈમલો ડીમોલેશન થયેલ હોય તો તેના બદલામાં ફાળવેલ મકાન જમીનની વિગતો કયારે કોના નામે અને કયા વિસ્તારમાં ફાળવવામાં આવેલ છે તેની પૂરી વિગત રૂમ નંબર બ્લોક નંબર વિસ્તારના સરનામાં સહિતની વિગતો જે અંગે કોઈ સંમતિ મેળવેલ હોય તો સંમતિના પુરાવાની નકલ જમીન જેને ફાળવવામાં આવેલ હોય તેના બિલ્ડરની પૂરી વિગત જેમાં કેટલા પ્લાન અને કયા હેતુ માટે પ્લાન છે તેમજ તમામ જગ્યા સહિતની માહિતી આપવી સાથે ટ્રસ્ટીના પાવરની ઝેરોક્ષ નકલ ની માહિતી આપવા બાબતે આઈ ડી નં.૧૨૯ તા.૬–૭–૦૯ ની અરજીથી ટેના નં.૨૨બી–૯૧ –૦૪૬૫–૦–૦૦૧થી નોંધાયેલા ઝુંપડાના વેરાબીલ બંધ કરાવવા અંગેનું કારણ જણાવશો આ જમીનમાં નવા વેરા દાખલ કરેલ તેના માલિકીના પુરાવાની નકલ આપવા બાબતે અનુક્રમે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૩૫ તા.૩૦–૭–૦૯ તથા પત્ર નં.ઈ.ઝેડ/આરટી/૧૨૯ તા.૨૯–૭–૦૯ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને તા.૬–૭–૦૯ તથા તા.૮–૭–૦૯ ની મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ તથા નિર્દિષ્ટ મિલ્કતમાં લોકેશનમાં કોનું નામ હતું તેની વિગત સહિતની માહિતી પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૫૫ તા.૨૮–૮–૦૯ ના રોજ ઝોનલચીફ અને જાહેર માહિતીઅધિકારી (વરાછાઝોન)ને તથા અરજદારને તા.૬–૭–૦૯ ની અરજીની વિગતો તથા નિયત ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ? તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ વિગતો મળેલ નથી. તથા જાહેર માહિતી અધિકારી તરફથી તા.૬–૭–૦૯ ની અરજી બાબતે ઈ.ઝેડ/એપેલેટ/આરટીઆઈ/અરજી નં.૧૨૯ તા.૧–૯–૦૯ થી મળેલ વિગતમાં અરજદારની તા.૬–૭–૦૯ ની મુળ અરજીની નકલ, અરજદારે તા.૧૩–૯–૨૦૦૦ ના રોજ કરેલ અરજીની નકલ તથા તા.૯–૧–૯૫ ની પત્ર નં.૮૬ ની લોકેશન નં.૨૨બી–૨૫–૦૨૩૭–૦–૦૦૧ની ખાસ નોટીસ, સદર લોકેશનના રસીદ નં.૬૫૪૦૨ તા.૧૮–૨–૯૫ ની ટેક્ષ ભર્યાની રસીદની નકલ,, સદર લોકેશનના રસીદ નં.૮૦૩૩૨ ની ટેક્ષ ભર્યાની રસીદની નકલ, અને તા.૮–૭–૦૯ ની અરજી બાબતે ઈ.ઝેડ/એપેલેટ/આરટીઆઈ/અરજી નં.૧૩૫ તા.૧–૯–૦૯ થી તા.૮–૭–૦૯ ની મુળ અરજીની નકલ, લોકેશન નં. ૨૨બી–૯૧–૦૪૬૫–૦–૦૦૧ રસીદ નં.૨૦૩૫૧૦ (સ્કોલ નં.૬૦૧/૧૩૫) તા.૨૩–૯–૯૮ ની ટેક્ષ ભર્યાની રસીદ અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે.

અરજદારની તા.૬–૭–૦૯ ની અરજીથી સહરા દરવાજા પૂર્વની બાજુમાં બર્મા સેલ ડેપોની બાજુમાં ઉમરવાડાનો ટેકરો વેરાબીલ બંધ કરવા અંગેનું કારણ જણાવી આ જમીનમાં નવા વેરા દાખલ કરેલ તેના માલિકના પુરાવાની નકલ આપવા બાબતની માંગણી કરેલ. જે અંગે નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૨૯ તા.૨૯–૭–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે જણાવવાનું કે આકારણી દફતરે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં વોર્ડ નં.૨૨બી નોંધ નં.૪૯૩૬/૩૭ પૈકી સહરા દરવાજા બર્માસેલનો ટેકરો સરદાર માર્કેટ ઉમરવાડા વિસ્તારના ઝુંપડાઓની આકારણી સીધાવેરા દફતરે દાખલ હતી. સદર ઝુંપડાઓનું રોડ ડીમોલેશન સુરત મહાનગરપાલિકા તરફથી કરવામાં આવેલ જે અંગે વોર્ડ નં.૨૨બી ના સર્વેયરની સ્થળ તપાસ દરમ્યાન હયાત ઝુંપડાઓ ધ્યાનમાં રાખી બાકીના ઝુંપડાઓ (જેમાં ટેના નં.૨૨બી–૯૧ –૦૪૬૫–૦–૦૦૧ થી નોંધાયેલ ઝુંપડું ) ના વેરાબીલો એફડીટી–૧૯ તા.૨૯–૧૦–૨૦૦૩ ના ડીમોલેશનમાં કમી કરેલ જણાય છે. જેના નકલના પાના નં. ૧ થી ૧૩ રૂા.૨૬/– પૂરા ભર્યેથી આપવામાં આવશે તેવી માહિતી અરજદારને પૂરી પડાયેલ છે. પરંતુ અરજદારે પૈસા ભરીને માહિતી મેળવેલ છે કે કેમ? તે અંગેની વિગતો અપીલ તબકકે પત્ર પાઠવ્યા છતાં તે અપીલ સાથે પૂરી પાડેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારીએ સદર ઝુંપડાને દાખલ કર્યા અંગેની ખાસ નોટીસ ની નકલ રજૂ કરેલ છે જેમાં તા.૧–૪–૯૪ થી દાખલ કરેલ છે. જેમાં ઈસ્લેદારલીઝ તરીકે શ્રી યાહયાભાઈ સુલેમાનજી અને ઓકયુપાયર અહમદ અલી દાદુભાઈ અને કબ્જેદાર તરીકે લાલાભાઈ સુખાભાઈ અને મણીબેન લાલભાઈનું નામ દાખલ હતું અને ત્યાર બાદ અરજદારે તા.૧૩–૯–૨૦૦૦ ના રોજ અરજી કરી ખુદને જણાવેલ છે કે મારી ઝુંપડપટ્ટીનું ડીમોલેશન કરવાનું હોય સર્વે માપણી થઈ નથી તે કરાવવા માટે અરજી કરેલ. તેમજ અરજદારે તે અરજી પછીના વર્ષના કોઈ બીલો કે તે ભરપાઈ કર્યાની રસીદ રજૂ કરેલ નથી. આથી અરજદારને આ અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ છે.

અરજદારની તા.૮–૭–૦૯ ની ઉપરોકત જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૩૫ તા.૩૦–૭–૦૯ ના રોજ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પાડેલ જણાય છે. મુદ્દા નં.૧ અરજદારે માલિકીના ઈમલો તેના વેરાબીલની બાકી અને બીલ કયારથી બાકી છે તેમજ હાલ આ મિલ્કત કોના નામે ચઢાવી છે તે અંગે સંમતિના પુરાવા, નામ, સરનામાં સહિતની વિગત માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ માહિતીમાં દફતરે સદર ટેનામેન્ટવાળી મિલ્કતની ચકાસણી કરતાં કોઈ વેરો બાકી દેખાતો નથી જે ઝુંપડાનું સને ૨૦૦૩ માં મહાનગરપાલિકા તરફથી રોડ ડીમોલેશન કરવામાં આવેલ હોય વેરા બીલો કમી કરવામાં આવેલ છે. જે અંગેની માહતી તા.૬–૭–૦૯ ની આઈ ડી નં.૧૨૯ નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૨૯ તા.૨૯–૭–૦૯ ના રોજ અરજદારને રૂા.૨૬/– ભરપાઈ કરી મેળવી લેવા જણાવેલ છે. મુદ્દા નં.૨ ટેના નં.૨૨બી–૯૧ –૦૪૬૫–૦–૦૦૧ વાળી મિલ્કતનો ઈમલો ડીમોલેશન થયેલ હોય તો

તેના બદલામાં ફાળવેલ મકાન જમીનની વિગતો કયારે કોના નામે અને કયા વિસ્તારમાં ફાળવવામાં આવે છે તેનો રૂમ નંબર, બ્લોક નંબર, વિસ્તારના સરનામાં, ની પૂરી વિગતો સંમતિ મેળવેલ હોય તો તેના પુરાવાની નકલ, જમીન ફાળવવામાં આવેલ હોય તો બિલ્ડરની પૂરી વિગત જેમાં કેટલા પ્લાન અને કયા હેતુ માટે પ્લાન છે તેની તમામ માહિતી તથા ટ્રસ્ટીની પાવરની નકલ માંગણી કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ થયેલ ડીમોલેશનની પ્રક્રિયા અગાઉ સદર ઝુંપડપટ્ટીનું સર્વે કરવામાં આવેલ તે સમયે ત્યાં વસવાટ કરનાર કબ્જેદારોને ડીમોલેશનની વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવાસો ફાળવવામાં આવેલા જે રેકર્ડની ચકાસણી કરતાં ટેના નં.૨૨બી–૯૧–૦૪૬૫–૦–૦૦૧ ના કબ્જેદાર તરીકે લાલભાઈ સુખાભાઈ કે મણીબેન લાલભાઈનું નામ દફતરે ઉપલબ્ધ જણાયેલ નથી. વધુમાં માહિતી અંગે કચેરીનો રૂબરૂ સંપર્ક કર્યેથી રેકર્ડની ચકાસણી કરાવવામાં આવશે તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલમાં તા.૬–૭–૦૯ તથા તા.૮–૭–૦૯ ની કરેલી અરજીના કરેલી માહિતી સબંધે નારાજગી દર્શાવી કરેલ અપીલમાં કોઈ આધાર કે નારાજગી અંગેનું વાજબીપણું અપીલ સાથે કે અપીલ તબકકે પત્ર પાઠવવા છતાં રજૂ કરેલ નથી તેમજ માહિતી મેળવેલ છે કે કેમ તે અંગે પણ કોઈ પૂરક વિગતો પૂરી પાડેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૭–૦૯ ની અને તા.૮–૭–૦૯ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેથી માહિતી સબંધે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ જણાવેલ દસ્તાવેજી નિયત ફી રૂા.૨૬/ ભરપાઈ કરી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે તેમજ વધુ માહિતી અંગે જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં બાબત હેઠળની મિલ્કતના સબંધિત દફતરનું ઈન્સ્પેકશન કરી શકે છે. જે માટે કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૯ –૦૯***

***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતીઅધિકારી (વરાછાઝોન).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મણીબેન લાલાભાઈ પટેલ